# સાબરકાંઠામાં કોરોના પોઝીટીવના વધુ આઠ કેસ

## હિંમતનગર અને પ્રાંતિજ તાલુકામાં કોરોના કેસ ઘટવાનું નામ લેતા નથી

હિંમતનગર, તા. ૧૬

નોવેલ કોરોના વાયરસે સાબરકાંઠા જિલ્લાનું જનજીવન અસ્તવ્યસ્ત કરી નાંખ્યુ હોવા છતાં તે હજુ વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરીને આગળ વધી રહ્યો છે ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં વધુ આઠ કેસ નોંધાતાની સાથે કુલ આંકડો ૨૭૫ પર પહોંચી ગયો છે. ખાસ કરીને કોરોના પોઝીટીવના વધુ કેસ હિંમતનગર અને પ્રાંતિજ તાલુકામાં વધુ નોંધાયા છે જેને લઈને હવે તો આમ પ્રજા પણ ભયથી થથરી રહી છે.

આરોગ્ય વિભાગના સુત્રોમાંથી જણાવાયા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં જે આઠ કેસ નોંધાયા છે તેમાં હિંમતનગરના અનેક નવા વિસ્તારો ઉમેરાતા જાય છે અને અન્ય નવા સ્તિારોમાં કોરોના પોઝીટીવના દર્દીઓ પ્રકાશમાં આવતા વહીવટીતંત્રને સાવચેતીના પગલા લેવાનુ શરૂ કરવુ પડ્યુ છે. તંત્રના જણાવાયા મુજબ હિંમતનગર શહેર અને તાલુકામાં અત્યાર સુધી સાત વિસ્તારોને કન્ટેઈનમેન્ટ ઝોનમાં મુકી દેવામાં આવ્યા છે. દરમિયાન છેલ્લા ૨૪ કલાકમાં જે કેસ નોંધાયા છે તેમાં હિંમતનગરમાં આવેલી કચ્છી સોસાયટીમાં ૬૪ વર્ષીય પુરૂષ, પોલોગ્રાઉન્ડમાં ૮૫ વર્ષીય મહિલા જ્યારે મોટી વોહરવાડમાં રહેતા ૭૫ વર્ષીય મહિલાનું કોરાના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ઈડરની સિવમ સોસાયટીમાં રહેતા ૫૦ વર્ષીય પુરૂષ, કોઠારી વિસ્તારમાં ૭૬ વર્ષીય મહિલા, ઈડર તાલુકાના નરસીહપુરા ગામમાં ૫૫ વર્ષીય મહિલા, જવાનગઢમાં ૩૫ વર્ષીય પુરૂષ અને ધનેશ્વર ડુંગરી વિસ્તારમાં રહેતા ૭૮ વર્ષીય મહિલા કોરોના પોઝીટીવનો ભોગ બન્યા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોના પોઝીટીવના સૌથી વધુ કેસ હિંમતનગર તાલુકામાં ૧૧૫, પ્રાંતિજ ૬૪, ઈડરમાં ૩૬, તલોદમાં ૨૧૨, વડાલી ૧૪, ખેડબ્રહ્મા ૧૨ અને વિજયનગરમાં ૯ કેસ ઉપરાંત પોશીનામાં ત્રણ કેસ નોંધાઈ ચુક્યા છે.

# પ્રાંતિજમાં કન્ટેઈનમેન્ટ ઝોનનાં રહીશોને સુવિધા પુરી પાડવામાં આવતી નથી

પ્રાંતિજ, તા. ૧૬

સાંબરકાંઠા જિલ્લામાં કોરોનાનો કહેર યથાવત છે, ત્યારે પ્રાંતિજમાં પણ કોરોનાના કેસોમાં સાબરકાંઠા જિલ્લામાં પ્રાંતિજ સહિત તાલુકો બીજા સ્થાને રહ્યું છે.



ત્યારે સ્થાનિક તંત્ર દ્વારા હાલ તો જાણે હાથ ઉપર કરી દીધા હોય અને ખાલી આબરૂ સાચવવા જાણે જે તે વિસ્તારોમાં કોરોનાનો કેસ આવતા ખાલી કપડુ મારી કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરવામાં આવે છે બસ કાગળ ઉપર આટલું જાહેર કરીને હાથ ઉપર કરી દેવામાં આવે છે. કન્ટેઈનમેન્ટ ઝોનના રહીશોને ઘર આગળ કોઈપણ સુવિધા પુરી પાડવામાં આવતી નથી.

પ્રાંતિજમાં હાલ સ્થાનિક તંત્ર દ્વારા જાણે કોરોનાના કેસો વધતા વિવિધ વિસ્તારોમાં કન્ટેઈનમેન્ટ ઝોન તો ફટાફટ કાગળો અને જે તે વિસ્તારોમાં કપડાનો પડદો મારી તૈયાર કરી દેવામાં આવે છે અને તંત્ર દ્વારા બીજી કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી અને પોલીસ દ્વારા બહાર મુકવામાં આવેલ પોલીસકર્મીઓ પણ કન્ટેઈનમેન્ટ બહાર દેખાતા નથી ત્યારે જે લોકો કન્ટેઈનમેન્ટ ઝોનમાં આવે છે તેવા લોકોની હાલત કફોડી બની છે. ઘરમાં નાના બાળકો હોય છે, વૃદ્ધ હોય છે તો સવારથી જ પ્રથમ જરૂરીયાત દુધ પણ કન્ટેઈનમેન્ટ ઝોનમાં ના મળતા હાલ તો કરિયાણું, શાકભાજી સહિતની પ્રાથમિક સિવિધા જરૂરીયાત પણ તંત્ર દ્વારા પુરુ પાડવામાં આવતું નથી અને રહીશો હાલ તો કન્ટેઈનમેન્ટ ઝોનને લઈને તંત્ર દ્વારા કોઈપણ જાતની સુવિધા પુરી પડવામા આવતી નથી. ત્યારે કન્ટેઈનમેન્ટ ઝોનના રહીશો શાકભાજી, દુધ તથા દવાખાને જવા નિકળે તો પ્રાંતિજ પોલીસ દ્વારા તેમને પકડી ને ૧૮૮ ગુનો નોધે છે ત્યારે રહીશો તો બહાર નિકળતા ૧૮૮ ગુનો નોધવામા આવે છે. હાલ તો તંત્ર દ્વારા કોઈપણ પકારની સુવિધા કન્ટેઈનમેન્ટ ઝોનમાં પુરી ના પડતા શાકભાજી દુધ અને દવા લેવા જતાં લોકો સામે પોલીસ કાર્યવાહી કરે છે ત્યારે ખરેખર કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કર્યા પછી તેવોને તેમના ઘર આગળ જ બધું મલી જતુ હોત તો તેવો કન્ટેઈનમેન્ટ ઝોનમાં રહેવા મજબુર બનશે અને હાલ તો કન્ટેઈનમેન્ટ ઝોનમાં લોકોને સુવિધાના મળતા રહીશો બહાર વસ્તુ કે જીવન જરૂરીયાત ચીજવસ્તુ લેવા બહાર નિકળે છે ને પોલીસ દ્વારા પકડી દંડ તથા ૧૮૮ કરવામાં આવે છે. પણ કોઈ ચોક્કસ પ્રકારની સુવિધાઓ પુરી પાડવામાં આવતી નથી તેથી લોકો બહાર નીકળવા મજબુર બન્યા છે અને પોલીસ તેની રાહ જોઈને બેઠી હોય છે અને રહીશો દંડાય છે ત્યારે જો તંત્ર દ્વારા કન્ટેઈનમેન્ટ ઝોનમાં બધી સુવિધાઓ પુરી પાડવામાં આવે તો કન્ટેઈનમેન્ટ ઝોનના રહીશો કન્ટેઈનમેન્ટ ઝોનમાં રહીને સરકારી નિતિનિયમોનું પાલન કરશે ત્યારે હાલ તો તંત્ર દ્વારા કોઈપણ પકાર સુવિધાઓ ના મળતાં લોકોની કોરોનાની સાથે પરેશાની પણ વધી છે ને તેવો ઉપર ૧૮૮ના કેસોનું પ્રમાણ પણ વધ્યું છે ત્યારે તંત્ર દ્વારા યોગ્ય તપાસ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે અને જે કોઈ દોષિતો હોય તેમની જોડેથી દંડ વસુલ કરવામાં આવે તેવી લોકલાગણી પણ ઉઠવા પામી છે.

## રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા મેઘરજ તાલુકાનો ગુરુવંદના કાર્યક્રમ યોજાયો

મેઘરજ, તા. ૧૬

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-મેઘરજ તાલુકો (અરવલ્લી)નો ગુરૂવંદના કાર્યક્રમ આજરોજ તા. ૧૫-૭-૨૦૨૦ને બુધવારે હરિઓમ વિદ્યાલય, મેઘરજ ખાતે યોજાયો હતો. કોરોના મહામારીના સમયમાં સોસિયલ ડિસ્ટન્સીગનુ પાલન અને માસ્ક, સેનેટાઈઝરનો ઉપયોગ પણ અચૂક કરવામાં આવ્યો હતો. કોરોના મહામારી અંતર્ગત યોજના મુજબ ખૂબ જ મર્યાદિત સંખ્યામાં શિક્ષક મિત્રો ઉપસ્થિત રહ્યા હતા અને ગુરૂપૂજન કરવામાં આવ્યું. જેમાં મેઘરજ તાલુકાના સદસ્યો અને જિલ્લાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જિલ્લા શૈક્ષિક મહાસંઘના પ્રમુખ મિનેષભાઈ પટેલ, ઉપપ્રમુખ વિનોદભાઈ કે. પટેલ, ઉપપ્રમુખ પ્રગ્નેશભાઈ શર્મા, સહમંત્રી વિશ્રામભાઈ બરંડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના મુખ્ય અતિથિ અને હરિઓમ વિદ્યાલયના સંચાલક કનુભાઈ તરાળે ગુરૂપૂજનનો મહિમા વિષય પર બૌદ્ધિક આપ્યું હતું. ઉપાધ્યક્ષ વિનોદભાઈ પટેલે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ સાથેના પોતાના અનુભવોને સૌ સમક્ષ રજૂ કર્યા હતા.

જિલ્લા પ્રમુખ મિનેષભાઈ પટેલે સંગઠનના ક્ષેત્રવિસ્તાર પર ભાર મૂકવાની વાત કરી હતી. સૌ શિક્ષક બંધુઓ એ ભગવાન વેદવ્યાસની તસવીરનું પૂજન કર્યુ હતુ. ઉપપ્રમુખ પ્રજ્ઞેશભાઈ શર્માએ ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# અરવલ્લી એસપી મયુર પાટીલે વધુ એકવાર બદલીનો ગંજીફો ચીપ્યો

## ૩ પી.આઈ અને ૨ પીએસઆઈની જિલ્લામાં આંતરિક બદલી

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે ચાર્જ સંભાળતાની સાથે જીલ્લાના વિવિધ શહેરી અને ગ્રામ્યવિસ્તારના પોલિસ અધિકારીઓ અને કર્મચારીઓ બદલીનો ગંજીપો છિપાવાનું ચાલુ કર્યું છે. વધુ એકવાર જીલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનમાં અને વિવિધ શાખાઓમાં ફરજ બજાવતા ૩ પી.આઈ અને ૨ પીએસઆઈની સાગમેટે બદલી કરતા જીલ્લા પોલીસતંત્રમાં વધુ એકવાર મોટો ઉલટફેર જોવા મળ્યો હતો. જીલ્લા પોલીસવડાએ છિપેલા બદલીના ગંજીપાથી "કહી ખુશી કહી ગમ" જેવો માહોલ પોલીસબેડામાં જોવા મળ્યો હતો હતો. છેલ્લા કેટલાય સમયથી એ.એસ.આઈ.ના ચાર્જમાં જીલ્લા ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં પીઆઈની નિમણુંક થતા જીલ્લામાં કથળેલી ટ્રાફિક નિયમનન સ્થિતિમાં સુધારો આવશે તેવો આશાવાદ વાહનચાલક અને લોકો સેવી રહ્યા છે.

મંગળવારે જીલ્લા એસપી મયુર પાટીલે ત્રણ પીઆઈ અને બે પીએસઆઈની આંતરિક બદલી કરવામાં આવી હતી જેમા એલસીબી પીઆઈ મનીષ વસાવાની જીલ્લા ટ્રાફિક પીઆઈ અને સીપીઆઈ મોડાસાનો વધારાનો ચાર્જ, પીઆઈ આર.કે. પરમારને લીવ રિઝર્વમાંથી જીલ્લા એલસીબી, મોડાસા મહિલા પોલીસ સ્ટેશનના પી.આઈ એફ.એલ. રાઠોડને સીપીઆઈ મોડાસાના ચાર્જમાથી હટાવી આંબલીયારા પોલીસ સ્ટેશનનો વધારાનો ચાર્જ સોંપવા આવ્યો છે.

૨ પીએસઆઈની પણ અરસ-પરસ બદલી કરવામાં આવી છે. આંબલીયારા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.આર. પટેલ જીલ્લા એલ.આઈ.બી. શાખામાં અને એસ.ઓ.જી. પીએસઆઈ એ.એમ. દેસાઈની બદલી શામળાજી પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી છે. પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ પણ સતત પોલીસવડા દ્વારા થઈ રહેલી બદલીઓનું ગણિત સમજવામાં થાપ ખાઈ રહ્યા હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે. મંગળવારે જીલ્લા પોલીસવડા મયુર પાટીલે ૩ પીઆઈની અને બે પીએસઆઈની તાત્કાલિક અસરથી જાહેરહિતમાં બદલી કરતાં પોલીસતંત્રમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓમાં ભારે કચવાટ જોવા મળી રહ્યો છે. સતત પોલીસબેડામાં થઈ રહેલી પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓની બદલીના આદેશ થતાં પોલીસકર્મીઓને પરિવારજનો પણ વિમાસણમાં મુકાઈ રહ્યા છે.

# અરવલ્લીમાં વધુ ૬ કેસ, કુલ આંક ૨૮૨

## આરોગ્યતંત્ર બે પોઝીટીવ દર્દીઓથી અજાણ..!!

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો ગ્રાફ સતત ઉંચે પહોંચી રહ્યો છે, બુધવારે ચાર કેસ નોંધાયા બાદ ગુરુવારે પણ ૬ કોરોનાના પોઝેટીવ દર્દીઓ મળી આવતાં જીલ્લામાં કોરોનાનો આંક ૨૮૨ પર પહોંચ્યો છે. મોડાસા શહેરની હુસેની સોસાયટીમાં રહેતા પતિ-પત્ની કોરોનામાં સપડાતા અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવા પહોચ્યા છે. મોડાસા શહેરના સામાન્ય નાગરિકો સુધી હુસેની સોસાયટીમાં પતિ-પત્ની કોરોના પોઝેટીવ હોવાની માહિતી પહોંચી ગઈ હતી પરંતુ આરોગ્ય વિભાગ આ અંગે અજાણ હોય તેમ જીલ્લા આરોગ્ય તંત્રએ ગુરુવારે જીલ્લામાં નવા નોંધાયેલ કેસમાંથી કોરોનાગ્રસ્ત પતિ-પત્નીનો છેદ ઉડાડી દેતા લોકોમાં આરોગ્યતંત્ર કોરોનાના આંકડા છુપાવવામાં માહેર બની ગયું હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. જીલ્લામાં સૌથી સ્ફોટક સ્થિતિ મોડાસા શહેરની બની રહી છે.

અરવલ્લી જીલ્લામાં આરોગ્ય તંત્રએ જાહેર કરેલા આંકડા મુજબ ૪ કોરોનાના કેસ નોંધાયા હતા. જેમાં મોડાસા શહેરની પાંચજયોત સોસાયટી અને મોદીની ખડકી ગાંધીવાડા એક-એક મહિલા, બાયડની ઓમ રેસિડેન્સીમાં રહેતા ૪૬ વર્ષીય પુરુષ અને અત્યાર સુધી કોરોના મુક્ત રહેલા માલપુર તાલુકામાં કોરોનાએ પગપેસારો કરતા વિક્રમપુરાના પહાડીયા ગામનો ૪૮ વર્ષીય પુરુષ કોરોનામાં સપડાયા હતા. જિલ્લામાં અત્યાર સુધી કુલ કોરોનાના કેસનો આંક ૨૮૨ એ પહોંચ્યો છે. રોજેરોજ ઉંચે જતા કોરોનાના ચેપના ફેલાવવાના ગ્રાફમાં ગુરુવારે અરવલ્લી જિલ્લામાં વધુ ૪ કેસ સાથે હવે કુલ કેસનો આંક ૩૦૦ નજીક પહોંચવાની તૈયારીમાં છે. તમામ ૬ દર્દીઓ હાલ કોરોનાની સારવાર અર્થે હોસ્પિટલાઈઝ થયા હતા.

મોડાસા શહેરમાં આરોગ્યતંત્ર કોરોના સામે કામગીરીમાં નબળું પુરવાર થતાં કોરોના હાવી થઈ રહ્યો હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. મોડાસા શહેરમાં દિવસેને દિવસે કોરોના સંક્રમણ વધી રહ્યું હોય તેમ રોજે રોજ કોરોના પોઝીટીવ કેસો બહાર આવી રહ્યા છે. જિલ્લા તેમજ મોડાસા શહેરમાં લોકલ સંક્રમણનો ભરડો વ્યાપક બન્યો છે. કોરોનાનો કહેર દિવસેને દિવસે ખૂબ જ વધી રહ્યો છે.

જો આવનારા સમયમાં નાગરિકો દ્વારા સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્કના નિયમોનો ચુસ્ત અમલ ન થાય તો આ મહામારીને વધુ ભયાવહ સ્થિતિ તરફ જતા કોઈ જ રોકી નહી શકે. એકલા મોડાસા શહેરમાં જ અંદાજે ૧૩૪ નજીક કોરોનાના કેસનો આંક પહોંચી ગયો છે. આમ હવે જિલ્લાના અનેક તાલુકાઓમાં પણ ધીમે-ધીમે કોરોનાના કેસમાં વધારો થઈ રહયો છે. આમ અત્યાર સુધી અરવલ્લી જિલ્લામાં કુલ ૨૮૨ કેસ કોરોના પોઝીટીવ નોંધાયા હતા. જિલ્લામાં વધી રહેલા લોકલ સંક્રમણથી લોકોમાં ગભરાટની લાગણી ફેલાઈ છે. ગુરુવારે આવેલ ૪ કેસના સ્થળોને જિલ્લા કલેકટર દ્વારા કન્ટેઈમેન્ટ ઝોન જાહેર કરી લોકલ અવર જવર પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો હતો.

# બાયડની ઓમ રેસીડેન્સીમાં કોરોનાનો કેસ નોંધાતા ફફડાટ

## આરોગ્ય વિભાગ દ્વારા ૫૯ લોકોના સર્વે કરાયા

## પુરુષને ગાંધીનગરથી સંક્રમણ થયાનું બહાર આવ્યું

બાયડની ઓમ રેસિડેન્સીમાં ૪૪ વર્ષીય પુરુષને કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતા ફફડાટ ફેલાયો હતો. ઓમ રેસીડેન્સીમાં કોરોનાનો કેસ બહાર આવતા આરોગ્ય વિભાગ હરકતમાં આવી તપાસનો દોર શરૂ કર્યો હતો. આરોગ્ય વિભાગની ટીમ દ્વારા સોસાયટીમાં ૫૯ લોકોના સર્વે કરવામાં આવ્યા હતા. અગાઉ પણ કોરોનાને લઈ બાયડ તાલુકામાં ત્રણના મોત થતા લોકોમાં ભયનો માહોલ છવાયો હતો. બાયડ તાલુકાના બ્લોક હેલ્થ ઓફિસર ધર્મેન્દ્રભાઈ પરમાર તથા તેમની ટીમ સતત કોરોના વાયરસની કામગીરીમાં ખડે પગે રહી કામ કરતા લોકોમાં ખુશી જોવા મળી હતી.

# પ્રાંતિજ અને વિજયનગરમાં અડધા ઈંચથી વધુ વરસાદ

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૧૫ દિવસથી આકાશ સતત વાદળછાયું રહેતુ હોવા છતા એકપણ તાલુકામાં સંતોષકારક વરસાદ થતો નથી. જેને લઈને બાફ અને ઉકળાટનું પ્રમાણ સતત વધી રહ્યું છે. ત્યારે બુધવારે મોડી સાંજે જિલ્લાના વિજયનગર અને પ્રાંતિજ પંથકમાં અડધા ઈંચથી વધુ વરસાદ થયો છે. જોકે બાકીના તાલુકાઓમાં વરસાદ ખેંચાતા મગફળી, કપાસ સહીતના અન્ય પાકો પાણી વિના મુરઝાઈ રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લામાં આ વર્ષે શરૂઆતથી જ ચોમાસુ નબળુ દેખાઈ રહ્યું છે. જેનો લીધે બોરકૂવાઓમાં પાણીના તળ હજુ ઉંચે આવ્યા નથી અને ઈલેક્ટ્રીક મોટરો દ્વારા ખેડૂતો સતત પાણી ખેંચી રહ્યા હોવાથી ભૂગર્ભ જળ સાવ નીચે જઈ રહ્યા છે. ત્યારે બુધવારે મોડી સાંજે પ્રાંતિજ અને વિજયનગર પંથકમાં અંદાજે ૧૪ થી ૧૬ મીમી વરસાદ પડ્યો હોવાનું ડિઝાસ્ટર વિભાગના સુત્રોમાંથી જણાવાયું છે. જોકે હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના તથા તલોદ પંથકમાં સંતોષકારક વરસાદ ન થવાને કારણે મગફળી, કપાસ, મકાઈ સહિતના અન્ય પાકોનો વિકાસ પણ અટકી ગયો છે. જેના લીધે કેટલાક ખેતરોમાં પાકના છોડ પીળા પડી ગયા છે. ડિઝાસ્ટર વિભાગના જણાવાયા મુજબ આ વર્ષે ચોમાસામાં અત્યાર સુધીમાં સૌથી વધુ વરસાદ પ્રાંતિજ તાલુકામાં ૨૫૨ મીમી એટલે કે અંદાજે ૧૦ ઈંચ વરસાદ પડી ચુક્યો છે. જ્યારે સૌથી ઓછો વરસાદ પોશીના તાલુકામાં ૯૯ મીમી થયો છે.





**અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં ૧૮૯ ગ્રામ રક્ષક દળ જવાનોની ભરતી કેમ્પની પ્રક્રિયામાં યુવાનો ઉમટ્યા**

ગુજરાત સરકાર દ્વારા રોજગારી પ્રાપ્ત થાય તે હેતુસર ગુજરાતમાં દરેક જિલ્લામાં ગ્રામ રક્ષક દળની ભરતી કેમ્પ યોજાઈ રહ્યા છે. જેમાં અરવલ્લીના મોડાસામાં ચાર દિવસીય જી.આર.ડી.ની ભરતી પ્રક્રિયામાં ૫૦૦ થી વધુ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી, જેમાં પ્રથમ દિવસથી ભરતી પ્રક્રિયામાં ઉમેદવારની શારીરિક તેમજ મૌખિક પરીક્ષા દ્વારા પસંદગી કરવામાં આવી રહી છે. મોડાસા તાલુકામાં ૧૮૯ ઉમેદવારોની ભરતી કેમ્પમાં ઉમેદવારો હાજર રહ્યા હતા અને ચાર દિવસ ચાલનારા ભરતી કેમ્પમાં જીઆરડી પી.આઈ.પી.જે. પટેલ દ્વારા શારીરિક તેમજ મૌખિક પરીક્ષા લઈને પસંદગી કરવામાં આવી રહી છે. ગ્રામરક્ષક દળના જવાનોનું મુખ્ય કાર્ય ગામની પ્રાથમિક ધોરણે રક્ષા કરવી.જેમાં ગામની બનતી કુદરતી આફતો સામે લોકોને રક્ષણ આપવું. ગામમાં અનિચ્છિય ઘટનામાં પોલીસને પ્રાથમિક ધોરણે તાત્કાલિક જાણ કરવી અને પોલીસ ઘટનાસ્થળે પહોંચે નહિ ત્યાં સુધી પૂરતો બંદોબસ્ત કરવો અને ચાંપતી નજર રાખવી. સાથે ગામની અને દેશની નુકશાન થતું અટકાવવું. ભરતી પ્રક્રિયામાં કોરોના વાઈરસને લઈને ઉમેદવારોને સોશ્યલ ડિસ્ટન્સ, માસ્ક તેમજ સેનેટાઈઝરનો સરકારની ગાઈડ લાઈન મુજબ વ્યવસ્થા કરી ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે.

# અરવલ્લી પોલીસતંત્રનો બુટલેગરો અને જુગારીઓ પર સપાટો બોલાવ્યો

## એલસીબી પોલીસે ઈસરી નજીકથી સગીરાનું અપહરણ કરનાર શખ્સને બનાસકાંઠામાંથી દબોચ્યો

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે જીલ્લામાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃતિઓ અટકાવવા ગુન્હેગારો સામે શખ્ત કાર્યવાહી કરવા જીલ્લા પોલીસતંત્રને કડક સૂચના આપવામાં આવતા જીલ્લા પોલીસતંત્રે બુટલેગરો અને જુગારીઓ પર તવાઈ બોલવી છે. શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ પરથી ટ્રકમાંથી ૯.૬૧ લાખનો વિદેશી દારૂ, ભિલોડા પોલીસે સ્વીફ્ટ કારમાંથી ૯૧ હજારનો,મોડાસા ટાઉન પોલીસે બે બાઈક, એક એક્ટિવા સાથે ૪ બુટલેગરોને ૨૭ હજારથી વધુના દારૂ સાથે દબોચી લીધા હતા. પોલીસતંત્રએ બુટલેગરો પર ધોંસ વધારતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. માલપુર પોલીસે દલપતપુરા (અણીયોર) ગામની સીમમાં જુગાર રમતા ૪ શખ્સોને ૩૯ હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. જીલ્લા એલસીબી પોલીસે ઈસરી વિસ્તારમાંથી એક વર્ષ અગાઉ સગીરાનું બાઈક પર અપહરણ કરનાર શખ્સને બનાસકાંઠાના ગ્રામ્ય વિસ્તારમાંથી સગીરા સાથે પકડી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.



શામળાજી પીએસઆઈ દેસાઈએ હરિયાણાના બુટલેગર જયેશ રાણાએ વડોદરા બુટલેગરને ૯.૬૧ લાખનો દારૂ પહોંચાડવા ટ્રકમાં નટ-બોલ્ટ કટ્ટાની આડમાં સંતાડી ઘુસાડવાનો કીમીયો નકામો બનાવી રતનપુર ચેકપોસ્ટ પરથી બે શખ્સોને દબોચી લઈ ૨૧.૨૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી હરિયાણાના બુટલેગર અને દારૂ મંગાવનાર વડોદરાના બુટલેગરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ભિલોડા પીએસઆઈ કે.કે. રાજપૂત અને તેમની ટીમે ટોરડા ગામની સીમમાં પોલીસ પેટ્રોલિંગ જોઈ રોડ પર સ્વીફ્ટ કારનો ચાલક કાર રોડ પર મૂકી નાસી છુટતા ભિલોડા પોલીસે બિનવારસી મળી આવેલ સ્વીફ્ટ કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૩૬૦ કીં. રૂ.૯૧૯૬૯ તથા સ્વીફ્ટ કાર મળી કુલ રૂ.૨૯૧૯૬૯ નો મુદ્દામાલ જપત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા ટાઉન પીઆઈ વાઘેલા અને તેમની ટીમે સહયોગ બાયપાસ ચોકડી નજીકથી બે બાઈક અને એક્ટિવા પર દારૂની ખેપ મારતા નરેશ સોનાજી બોરાણા, ગોવિંદ કેવજીભાઈ કલાલ (બંને રહે. ઓઢવ, અમદાવાદ) સાગર ચંદુભાઈ સોની (નીકોલ) અને ગોવિંદસિંહ ખુમાનસિંહ ચૌહાણ (રહે, ઘોડાસર)ને ઝડપી પાડી બોટલ નંગ-૩૯ કીં. રૂ.૨૭૯૦૦ સાથે કુલ મુદ્દામાલ મળી રૂ.૧૦૭૯૦૦ જપ્ત કરી ચારે બુટલેગરોને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

માલપુર પીએસઆઈ સોલંકી અને પોલીસ સ્ટાફે દલપતપુરા (અણીયોર) ગામના વાંઘામાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા શૈલેષ મનુભાઈ ખાંટ (રહે, ફતેપુરા-અણીયોર), રાકેશ હરિભાઈ ખાંટ (વાંટા-રામપુર, ધનસુરા) અરવિંદગિરી ગોવિંદગિરી ગોસ્વામી (બાવાનામઠ-મોડાસા, મેહુલસિંહ ભંવરસિંહ રાઠોડ (રાજપૂતના મુવાડા-ધનસુરા)ને દબોચી લઈ રોકડ રકમ-૧૫૦૦૦, બાઈક, મોબાઈલ-૨ મળી કુલ રૂ.૩૯૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ૪ શકુનિઓ સામે જુગારધારા કલમ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



અરવલ્લી જીલ્લા એલસીબી પીઆઈ આર.કે. પરમાર અને તેમની ટીમે એક વર્ષ અગાઉ ઈસરી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી સગીરાનું બાઈક પર અપહરણ કરી જનાર મહેન્દ્ર બકાભાઈ બામણીયા (રહે, ખેરંચા, રામદેવ ફળિયું-ભિલોડા)ને બનાસકાંઠા જીલ્લાના કાંકરેજ તાલુકાના ચેખલા ગામેથી ઝડપી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દઈ અપહરણના ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો.